# સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૮૭/૨૦૨૬.</u>
આંક–......

અરજદાર/આરોપીઃ નિતેશ ઉમેશ ઠાકુર
ઉં.આ. ૨૭ વર્ષ, ધંધોઃ મજુરી,
રહેવાસી–૩૭, બહાદુરભાઈ કી ચાલ, સોમનાથ,
વટાર રોડ, કલરીયા, ડાભેલ, નાની દમણ.
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૨ મુજબ આગોતરા રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી ડી.સી.શાહ.
સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ટી.એ.પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપી સામે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–"સી" ગુના રજી. નં.૧૧૨૧૨૦૫૧૨૬૦૨૧૯/૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ–૬૫(ઈ), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલ અને જેમાં તેઓ અરજદાર/આરોપીનું નામ જણાવેલ છે અને તે કામે સુરત રેલ્વે પોલીસ તેઓ અરજદાર/આરોપીની અટક કરે તેવી દહેશત અને ભય છે તેથી તેઓએ હાલની આગોતરા જામીનનો હુકમ મેળવવા હાલની અરજી કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૬ થી સોગંદનામું રજૂ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી નિર્દોષ છે અને તેઓ સીધે કે આડકતરી રીતે ગુનામાં સંડોવાયેલા નથી અને શંકાના આધારે તેઓની અટક કરવામાં આવેલ છે. તેઓની સામે કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી. તેઓ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી.

વધુમાં અરજદાર/આરોપીનાં વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, તેઓની પાસેથી કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ નથી તેમજ કબજે કરવામાં આવેલ મુદામાલ સાથે તેઓને કોઇ લેવાદેવા નથી. તેમજ તેઓની સામે આજીવન કેદ કે મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો કેસ નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદમાં જે નામ જણાવેલ છે તે નામની ઘણી વ્યકિતઓ હોઇ શકે અને તેમના મોબાઇલ નંબરોની કોઈ વિગતો જણાવેલ નથી.

તેઓએ વધુમાં એવી પણ રજુઆત કરેલ છે કે, સદર ગુનાના અન્ય સહઆરોપીઓને સેશન્સ કોર્ટે જામીન મુકત કરેલ હોય હાલના અરજદાર/આરોપીને સમન્યાયના સિધ્ધાંતનો લાભ આપવા અરજ કરેલ છે.

વધુમાં તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપી તેમના પરીવાર સાથે રહે છે અને તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે. તેમજ તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને કોઇ નુકસાન થાય તેમ નથી તેમજ ફરીયાદી સહિત મોટા ભાગના સાહેદો પોલીસ સ્ટાફના માણસો છે જેથી પુરાવા સાથે ચેડા કરવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપી તપાસમાં સાથે સહકાર આપશે તેમજ નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે તમામનું પાલન કરવા તેઓ તૈયાર છે તે તમામ સઘળી વિગતો ધ્યાને લઈ તેઓને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજી નો વિરોધ કરતાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો વોન્ટેડ આરોપીઓ સાથે ટ્રેન મારફત વગર પાસ પરમીટે આર્થીક લાભ મેળવવા સારૂ મોકલી આપેલ છે. સદર ગુનાની તપાસ ચાલુ છે. તેમજ અન્ય આરોપીને સદર ગુનામાં અટક કરવાના હોય અરજદાર/ આરોપીની ઇન્ટ્રોગેશન માટેની જરૂરીયાત છે. તેમજ આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેને કાયદાનો ડર રહેશે નહિં તેમજ આવા જ પ્રકારના ગુનાઓ ફરીવાર કરશે તેમ જણાય આવે છે જેથી ઉપરોકત સધળી વિગતો ધ્યાને લઇ આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

પ. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ આંક–૦૬ વાળું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપી સામે સુરત રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–”સી" ગુના રજી. નં.૧૧૨૧૨૦૫૧૨૬૦૨૧૯ /૨૦૨૬ થી પ્રોહી એકટની કલમ–૬૫(ઇ), ૮૧ મુજબનો ગુનો નોંધાયેલ છે. જે ગુનાની એફ.આઇ.આર. જોતા હાલના કામના સદર પ્રતિબંધિત મુદામાલ મળી આવેલ છે તે હાલના આરોપીએ અજાણ્યા ઇસમ પાસે ટ્રેનમાં મોકલેલાનું ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જણાવેલ છે જે વિગતો ધ્યાને લેતાં તે અંગેની તપાસ માટે પણ હાલના અરજદાર/આરોપીની જરૂરીયાત જણાય આવે છે.

વધુમાં, હાલના અરજદાર/આરોપી દમણના રહેવાસી હોવાનું અને તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ નાસી ભાગી જાય તેવી શકયતાઓ નકારી શકાય નહિં જેથી પણ ફરીયાદપક્ષની તેવી દલીલો ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

વધુમાં, ત.ક.અ.એ તેમના સોગંદનામામાં હાલના અરજદાર/ આરોપીએ પોતાના આર્થીક લાભ સારૂ વોન્ટેડ આરોપી ઉમેશની સાથે

વાપી દમણથી દારૂનો જથ્થો વોન્ટેડ અજાણ્યા ઈસમ પાસે ટ્રેનમાં મોકલી આપેલ જે હકીકતો જોતાં પણ હાલના અરજદાર/આરોપીની તે દિશામાં તપાસ માટે તેમજ આરોપી ઉમેશ, નીતેશ ઠાકુર તથા અન્ય આરોપીની અટક કરવાની બાકી હોય અને ગુના અંગેની તપાસ નાજુક તબકકામાં હોય તેમજ હાલના અરજદાર/આરોપીની તપાસ અર્થે જરૂરીયાત હોય તેવી ફરીયાદપક્ષની દલીલ હાલના તબકકે ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

વધુમાં, અરજદાર/આરોપી સામે વાપી રેલ્વે પો.સ્ટે.માં ગુ.ર.નં.૧૧૨૧૨૦૬૨૨૫૧૩૨૪/૨૦૨૫, પ્રોહીબીશન એકટની કલમ – ૬૫(એ)(એ) મુજબનો ગુનો નોંધાયેલ હોવાનું ત.ક.અ.એ તેમના સોગંદનામામાં જણાવેલ છે.

વધુમાં, પોલીસ પેપર્સ અને તપાસ કર્તા અમલદારના સોગંદનામાની વિગતોને ધ્યાને લેતા અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ સામે ગુનાની તપાસ નાજુક તબકકામાં હોવાનું જણાય આવે છે. વધુમા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવેથી ફરીયાદ પક્ષના પુરાવાઓ સાથે ચેડા થવાની શકયતાઓ હોય તથા ગુનાની ગંભીરતા અને સજાકીય જોગવાઈઓ અને પુરાવાનો નાશ કરે તેવી શકયતા જોતા ફરીયાદપક્ષની રજુઆત ગ્રાહ્ય રાખવા પાત્ર જણાય આવે છે.

આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદારને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૨ હેઠળ જામીન ઉપર હાલના તબકકે મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું ન હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– હુકમ –**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૧૨૮૭/૨૦૨૬ **નામંજૂર** કરવામાં આવે છે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની અમલવારી માટે મોકલી આપવા.

હુકમ આજ તારીખઃ ૧૦ **મી**, માહે–**માર્ચ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)